### ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા યોજાઈ

# પાલિકાના ઉપપ્રમુખે ગેરરીતીઓ આચરાઈ હોવાના આક્ષેપો કરતા ચકચાર

## એલ.ઈ.ડી, ડોર ટુ ડોર કચરા કલેકશન,સી.સી.ટી.વી કેમેરા, સેનીટેશન હોર્ડિંગ્સમાં કંઈક રંધાયુ હોવાના ગંભીર આક્ષેપોથી શાસકપક્ષમાં સોપો

પાલનપુર, તા. ૨૮

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની આજરોજ સાધારણ સભા યોજાઈ હતી. જેમાં ખુદ પાલિકાના ઉપપ્રમુખએ પણ વિપક્ષી સભ્યોની સાથે વિરોધનો સુર આલાપતા પાલિકાના આવક-જાવકના ખર્ચ સામે વિરોધ ડોર-ટુ ડોર કચરા કલેકશન, સી.સી.ટી.વી કેમરા અને સેનીટેશનના હોર્ડિંગ્સના ભાવો ઉંચા ભરી તેમાં ગેરરીતી આચરાઈ હોવાના આક્ષેપો કરતા પાલિકા વર્તુળમાં સોપો પડી ગયો હતો. વળી, તેઓએ ઓવરબ્રીજથી સીટીલાઈટ સુધીના રોડ પર ફુટપાથના બ્યુટીફીકેશનના બહાર



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

દર્શાવી ગેરરીતીઓ આચરાઈ હોવાનો આક્ષેપ કરતા ચકચાર મચી જવા પામી હતી. જોકે, બે-ત્રણ સભ્યોના વિરોધ વચ્ચે શાસક પક્ષ ધ્વારા રૂ.૨.૭૧ કરોડના વિકાસના કામોની બહાલી આપી દેવામાં આવી હતી.

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા આજરોજ પ્રમુખ હસમુખ પઢીયારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સાધારણસભાના પ્રારંભમાં પાલિકાના માજી પ્રમુખ સ્વ.સુરેશભાઈ ઓઝાના દુઃખદ નિધન બદલ તેઓના આત્માની શાંત માટે બે મીનીટનું મૌન પાળી શોક ઠરાવ પસાર કરાયો હતો. બાદમાં એજન્ડા પરના અંદાજે ૨૫ જેટલા કામો પર ચર્ચા હાથ ધરાઈ હતી. જેમાં ગતતા.૧-૪-૨૦૧૪થી તા.૩૧-૧૨-૧૪ સુધીના આવક-જાવકના આંકડાઓ રજુ કરાયા હતા. જેની સામે ખુદ પાલિકાના ઉપપ્રમુખ અમૃત જોશીએ અસંતોષ વ્યકત કરતા બાંયો ચડાવી હતી. તેઓએ આવક-જાવકના આંકડાઓ સામે વિરોધ પ્રદર્શિત કરતા પાલિકા ધ્વારા એલ.ઈ.ડી.લાઈટ, વેબસાઈટ, પડાયેલા ટેન્ડરમાં ખોટું એસ્ટીમેન્ટ તૈયાર કરાયું હોવાની ગંભીર રજુઆત કરી હતી. આ ઉપરાંત નવીન ગાડી ખરીદવાના ઠરાવમાં પણ તેઓએ નવીન લકઝયુરીયસ ગાડી ખરીદી વટ પાડવાને બદલે ભર ચોમાસે વરસાદી પાણીમાં પણ કામ આવે તેવી આર્મોડા જીપ ખરીદવાનું સુચન કર્યુ હતું. જયારે પાણી અને સફાઈ આપવામાં નિષ્ફળ નીવડેલી પાલિકા ધ્વારા શહેરીજનો પર પાણી અને સફાઈ વેરામાં વધારો ઝીંકવાના પ્રસ્તાવનો પણ ખુદ પાલિકાના ઉપપ્રમુખ અમૃત દાઢીએ વિરોધ કરતા શાસક પક્ષ ભીંસમાં આવી ગયો હતો. જોકે, વિપક્ષી સદસ્યા આશાબેન રાવલે પણ ચીફ ઓફિસર પર પસ્તાળ પાડતા શહેરીજનોની વોર્ડવાઈઝ જરૂરીયાતો સંતોષાતી ન હોઈ અને બે-ચાર વોર્ડમાં જ વધુ વિકાસના કામો થતા હોવાના મુદ્દે ચીફ ઓફિસરને આડે હાથ લીધા હતા. જોકે, એકાદ બે સભ્યોને બાદ કરતા વિપક્ષ કોગ્રેંસ અસરકારક વિપક્ષ તરીકે લોકોનો અવાજ રજુ કરવામાં સરેઆમ નિષ્ફળ રહી હતી.

## ભાવગત ઉવાચઃ સ્વદેશી, મોદી ઉવાચ : મેક ઈન ઈન્ડિયા ફીર ભી પાલનપુર પાલિકા માંગે મેડ ઈન ચાઈના

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાએ સી.સી.ટી.વી કેમેરા ખરીદયા છે. જેમાં ગેરરીતી આચરાઈ હોવાની બુમરાણ મચી છે. ત્યારે આજે પાલિકા વર્તુળમાં એક નવી વાત ચર્ચાના ચગડોળે ચડી હતી. જેમાં ગેરરીતીની વાતતો એક બાજુએ રહી પરંતુ જયારે સંઘના સુપ્રિમો મોહન ભાગવતજી સ્વદેશીની વાત કરતા હોય અને દેશના વડાપ્રધાન મેક ઈન ઈન્ડિયાની વાત દોહરાવી રહ્યા હોય ત્યારે આપણી ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા તો આજે પણ મેડ ઈન ચાઈનાના કેમેરા લગાવ્યા હોવાની વાતો ચર્ચાની એરણે ચડી હતી. અરે, રૂ.૮.૬૦ લાખના એલ.ઈ.ડી લાઈટમાં પણ ઉંચુ ટેન્ડર પાસ કરીને કૌભાંડ આચરાયું હોવાની વહેતી થયેલી વાતો વચ્ચે પાલિકાના સુત્રધારોએ આજે સાધારણસભામાં પાલિકાના ઉપપ્રમુખના સવાલના જવાબમાં રાજસ્થાન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ધ્વારા માત્ર ચાર વાહનો વડે શહેરની ૨૦ હજાર મિલ્કતોનો કચરો ડોર ટુ ડોર કલેકશન કરાતો હોવાનો અપાયેલો જવાબ જ પુરવાર કરે કે, આ તો ઓનરેકર્ડ ગેરરીતી આચરાઈ છે. કારણ કે, પાલિકાના ઉપપ્રમુખ અમૃત દાઢીએ દાવો કરતા જણાવ્યું હતું કે, ચાર વાહનો ધ્વારા કદાપિ ૨૦,૦૦૦ મિલ્કતોનો કચરો એકત્ર થાય તે શકય જ નથી. શહેરમાં લારી-ગલ્લાવાળાઓ પાસેથી દૈનિક ટેક્ષ ઉઘરાવતા ઠેકેદાર પાસેથી ફેબ્રુઆરી-૨૦૧૩થી અત્યારસુધીમાં માત્ર ૬૩ હજાર રૂપિયા જ વસુલવામાં આવ્યા છે. જયારે બાકી કરવેરાની ઉઘરાણીના ઠેકેદારને પણ વગર વસુલાત કર્યે રૂ. એક લાખની ચુકવણી થઈ ગઈ હોવાની વાતો વચ્ચે પણ ભાજપ મોવડી મંડળ ગાંધારીની ભુમિકા ભજવી રહ્યુ હોઈ ભાજપની છબી ધુમિલ થઈ રહી હોવાની લાગણી ખુદ ભાજપના કાર્યકરો વ્યકત કરતા જોવા મળ્યા હતા.

### ૧૧ તાલુકા પંચાયતમાં ભાજપાના પ્રમુખ-ઉપપ્રમુખ બિનહરીફ બન્યા

ગાંધીનગર, તા. ૨૮

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે, ૧૩ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની પસંદગી માટે ઉમેદવારી પત્રો ભરવાના દિવસે જ ૧૦ તાલુકા પંચાયતોના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપાના ઉમેદવાર પ્રમુખ-ઉપપ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. જ્યારે સાબરકાંઠાના પોશીના તાલુકા પંચાયતમાં કોંગ્રેસના સભ્યોએ ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખના ઉમેદવારને ટેકો આપતા તે તાલુકા પંચાયતમાં પણ ભાજપા સત્તા સ્થાને આવી છે. બાકીના બે તાલુકા પંચાતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી થશે.

શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે નવરચિત તાલુકા પંચાયતોમાં પણ ભાજપાએ તેની પરંપરા જાળવી રાખી ૧૩ પૈકી ૧૧ તાલુકા પંચાયતોમાં શાસનધુરા સંભાળી છે.

### શહેર કોંગ્રેસ દ્વારા ગાંધી નિર્વાણ દિને પ્રાર્થના સભાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૩૦-૧-૨૦૧૫ના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે કોંગ્રેસ કાર્યાલય સેક્ટર-૨૨ ખાતે ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલના અધ્યક્ષ સ્થાને બપોરે ૨.૦૦ કલાકે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રાર્થના સભામાં કોર્પોરેટર, સીનીયર આગેવાનો, મહિલા કોંગ્રેસ, યુવા કોંગ્રેસ કાર્યકરો, એન.એસ.યુ.ના કાર્યકરો, ઝોન પ્રમુખ તથા કોંગ્રેસનાતમામ આગેવાનો હાજર રહેવા અપીલ કરી છે.

### પાલનપુરના સલ્લા ગામે દબાણો હટાવાયા

પાલનપુર પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં ઘણા લાંબા સમયથી દબાણોની અનેક ફરિયાદો ઉઠવા પામી હતી. ત્યારે ગઢસલ્લા ગામે દબાણોની ફરિયાદ સંદર્ભે આજે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં સરપંચ અને તલાટીની ટીમે જે.સી.બી.ની મદદથી ૧૫ થી વધુ મોટા દબાણો દૂર કરાવ્યા હતા. પોલીસ બંદોબસ્ત સાથે દબાણો દૂર કરાવતા કોઈ પણ પ્રકારની ઘટના ઘટવા પામી ન હતી.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

### અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ અધિકારી ધ્વારા મોડાસા તાલુકામાંથી ખનીજ ચોરી કરતાં પાંચ વાહનો ઝડપ્યા

અરવલ્લી જિલ્લા ના મોડાસા તાલુકા ના બાકરોલ ગામે આવેલી મેશ્વો નદી માં થી શામળાજી હાઈવે પરથી તેમજ મેઘરજ બાયપાસ રોડ ઉપર થી અને ખંભીસર મુકામે ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી કરતાં એક કરોડ થી પણ વધુના પાંચ જેટલા વાહનો અરવલ્લી જીલ્લા ખાણ અનીજ અધિકારી યદુવુશી ધ્વારા પકડી પાડતા અરવલ્લી જીલ્લા માં ગેરકાયદેર રીતે ખનીજ ચોરી કરતાં ખનીજ માફીયાઓ માં ફફળાટ વ્યાપી ગયો હતો. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જીલ્લા ભુસ્તર શાસ્ત્રી યદુવંશી ને થોડાક દિવસો અગા બાતમી મળી હતી કે મોડાસા તાલુકા ના બાકરોલ ગામે કેટલાક ખનીજ માફીયાઓ ધ્વારા ગરેકાયદેસર રીતે બાકરોલ ની મેશ્વો નદીમાંથી ગ્રેવલ ની ખનીજ ચોરી થાય છે જે અંગે ખાણખનીજ અધિકારી ધવારા વોચ રાખવામાં આવી હતી જેમાં આજ થી બે દિવસ પહેલા આ જગ્યા ઓચીંતી રેડ કરતાં આ નદી માં થી ગ્રેવલ ની ચોરી કરતાં ૧ જેસીબી મશીન પકડી અને ટ્રેકટર પાડવામાં આવ્યુ હતુ તેમજ ખંભીસર ગામે થી રોયલ્ટી પાસ માં દર્શાવ્યા કરતાં વધુ રેતી ભરી રેતી ની ચોરી કરવા બદલ એક ટ્રક તેમજ દેવરાજ મંદીર પાસેના રોડ પર થી પણ રેતી ની ચોરી કતાં એક ટ્રક તેમજ શામળાજી હાઈવે પરથી આજ રીતે રેતી ની ગેરકાયદેરસ ચોરી કરતી ટ્રકર સહિત કુલ એક કરોડ થી પણ વધુ ની ખનીજ ચોરી કરતાં વાહનો પકડી પાડયા હતા.

# લીંભોઈના અમદાવાદમાં થયેલા ગોળીબારમાં ઘવાયેલા ઉદ્યોગપતિની જીંદગી સામેની લડતમાં હાર

મોડાસા, તા.૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લીંભોઈ ગામના અને ધંધાર્થે અમદાવાદમાં સ્થાયી થયેલા યુવાન ઉદ્યોગપતિ મુકેશભાઈ પટેલ મોર્નિંગવોકમાં નિકળ્યા હતા ત્યારે ૧૭-૧-૨૦૧૫ના દિવસે બે અજાણ્યા બુકાનીધારી શિષ્યોએ બાઈક પર આવી ગોળીબાર કરી ફરાર થઈ ગયા હતા જેમની સારવાર અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ચાલતી હતી પરંતુ સારવાર કારાગત ન નિવડતાં મોત નીપજયું હતું.

મોડાસા તાલુકાના લીંભોઈ ગામના વતની અને અમદાવાદના ઘોડાસર વિસ્તારના ભગીરથ બંગ્લોઝમાં રહેતા અને વટવા ફેઝ-૨માં પાર્થ ઈન્ડસ્ટ્રીઝ ધરાવતા યુવા ઉદ્યોગપતિ અને જમીન લે વેચ અને કન્સ્ટ્રકશન સાથે સંકળાયેલા મુકેશભાઈ પટેલ રોજીંદા મોર્નિંગવોકમાં નિકળતા હતા ત્યારે ૧૭-૧-૨૦૧૫ના રોજ મુખીની વાડી નજીક આલોક બંગલો પાસે નંબર પ્લેટ વગરના બાઈક પર આવેલા બે બુકાનીધારી શખ્સોએ તેમના ઉપર અંધાધૂંધ ગોળીબાર કરી પલાયન થઈ ગયા હતા. મુકેશભાઈ પટેલને પીઠના ભાગે ગોળી વાગતા લોકોએ બચાવમાં દોડી આવી તાત્કાલીક અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડયા હતા જયાં તેમની અદ્યતન સારવાર ચાલતી હતી અને છેલ્લા ૧૦ દિવસથી જિંદગી સામે જંગ લડતા હતા આજે સવારે તેમણે આખરી શ્વાસ લીધા હતા. પાટીદાર સમાજના યુવાન ઉદ્યોગપતિની કારમી વિદાયથી તેમના કુટુંબીજનો, મિત્રવર્તુળ અને અરવલ્લી જિલ્લામાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

# ૨૬મી જાન્યુઆરીએ આદિજાતી વિકાસ કમિશનર કચેરી ધ્વજવંદન કરવાનુ ચુકી

## અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ ફલેગ કોડના ભંગ બદલ સખત કાર્યવાહી કરે તેવી માંગ : મોડાસાની અમરદિપ સોસા.માં આવેલી કચેરીમાં ખંભાતી તાળા ખુલ્યા જ નહિ

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લો નવો બનવા છતાં સરકારીતંત્રને જાણે કે કંઈ જ કરવાનુ ચુકી ગયા હતા. સરકારી લાખો રૂપિયાનો પગાર ખાતા કર્મચારીઓ સામે જિલ્લા કલેક્ટર જ અંધારૂ જેવા ઘાટ મોડાસા શહેરમાં સર્જાયો હતો. જેમાં મોડાસાની અમરદીપ સોસાયટીના પ્રવેશદ્વાર



(તસવીર : જય અમીન, મોડાસા)

પડી ન હોય તેવી લાલીયાવાડીમાં રાચે છે. આવો જ કિસ્સો ૨૬મી જાન્યુઆરીએ બન્યો. મોડાસાની અમરદિપ સોસાયટીમાં આવેલી આદિજાતી વિકાસ મદદનીશ કમિશનર કચેરીના અધિકારીઓએ ૨૬મી જાન્યુઆરીએ ધ્વજવંદન ફલેગ કોડના ભંગ બદલ કડક કાર્યવાહી હાથ ધરે તેવી જનતાની માંગ છે. અરવલ્લી જિલ્લો નવો બનતા ચાલુ વર્ષે જિલ્લા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ ભિલોડામાં ઉજવવામાં આવ્યો હતો. સમગ્ર સરકારી કાફલો ભીલોડા પહોચ્યો હતો પણ દિવા તળે નજીક જાહેરમાર્ગો પર આવેલી આદિજાતી મદદનીશ કમિશનરની કચેરી દેશપ્રેમ ભુલી જઈને ૨૬મી જાન્યુઆરીએ ધ્વજવંદન કરવાનુ મુનાસીબ માન્યુ ન હતુ. બીજી બાજુ આ કચેરીમાં અધિકારીઓ ફરક્યા પણ નથી અને ઓફિસમાં કાયમી હાજર રહેતો પટાવાળો પણ ૨૬મી જાન્યુઆરીએ ફરક્યો ન હતો. આ દિવસે ખંભાતી તાળા મારેલા હતા. આમ આ કચેરીએ ભારતનો ધ્વજ ન ફરકાવી ફલેગકોડના લીરે-લીરા ઉડાવી દિધા છે. આવા આળશુ કર્મચારીઓ વિરૂદ્ધ સખત પગલા લઈ અધિકારીઓમાં જિલ્લા કલેક્ટર યોગ્ય પગલા ભરે તેવી પ્રજાજનોની માંગ છે.

### અધિકારી ઉપલા અધિકારીઓની સૂચનાથી ભીલોડા ગયા હતા

મોડાસાની આદિજાતી વિકાસ મદદનીશ કમિશનરના ઈન્ચાર્જ અધિકારી જે.એમ. ડામોર સાથે ટેલીફોનીક વાતચીત કરતા જણાવ્યું હતુ કે ઉપલા અધિકારીની સૂચનાથી ભીલોડા ગયા હતા. જેથી ધ્વજ ફરકાવાનો રહી ગયો છે. આવા ઉડાઉ જવાબ આપનાર અધિકારી સામે સઘન પગલા ભરવામાં આવે.

### પ્રાંતિજના ઘડી ગામે પ્રજાસત્તાક પર્વ ઉજવાયો

પ્રાંતિજ, તા.૨૮

પ્રાંતિજ તાલુકા કક્ષાનો ૬૬મો પ્રજાસત્તાક પર્વ તાલુકાના ઘડી ખાતે દબદબાભેર ઉજવવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં તાલુકા કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


આ તાલુકા કક્ષાના પ્રજાસત્તાક પર્વના પ્રારંભે પ્રાંત અધિકારી એચ.આર. મોદી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ઉપરાંત મામલતદાર કચેરીએ ઈશ્વરભાઈ પટેલ, સરદાર ચોકમાં નગરપાલિકા પ્રમુખ ગીરીશ પટેલ, પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. ભરત પટેલ જયારે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ મજરા તેમજ તલોદ ખાતે ધ્વજ ફરકાવી સલામી આપી હતી. ધ્વજવંદન કાર્યક્રમમાં શાળા કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે તાલુકાની વિવિધ શાળાઓમાં બાળકોને પણ ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### વડાગામની ગોપાલસિંહ શ્રેયત વિદ્યાલયમાં પ્રજાસત્તાક પર્વ ઉજવાયો

વડાગામ, તા.૨૮

વડાગામ કેળવણી મંડળ સંચાલિત ઠાકોર ગોપાલસિંહજી શ્રેયત વિદ્યાલય ખાતે ૬૬મા પ્રજાસત્તાક પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરાઈ હતી. આ પ્રજાસત્તાક પર્વ દિલિપસિંહ પરમારના અધ્યક્ષપદે યોજાયો હતો. પ્રજાસત્તાક પર્વના પ્રારંભે વડાગામની ગંગોત્રી કવોરીના જયંતિભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન કાર્યક્રમમાં શાળાના બાળકોએ વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. અંતે ઉપસ્થિત મહાનુભાવોએ કાર્યક્રમમાં ભાગ લેનાર અને શાળાના તેજસ્વી બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## શબ્દાવલી - ૫૬૨૮



**આડી ચાવી**

૧. ખેડૂતનો કામ ધંધો (૪)
૪. શ્રીકૃષ્ણના બ્રાહ્મણ મિત્ર(૩)
૬. રજની, નિશા (૨)
૭. ચમકદમક (૪)
૮. દૂધની મલાઇ (૨)
૯. ઉનાળામાં ... વાય (૧)
૧૦. નશો, કેફી દ્રવ્ય (૩)
૧૧. વિરામચિહ્ન (૫)
૧૪. લાફો, લપાટ (૪)
૧૭. આરામદાયી (૬)
૧૮. લાઇન, ક્રમ (૩)
૧૯. 'ચણ'નું ઊંધુ (૨)

**ઊભી ચાવી**

૧. દાન (૩)
૨. એક પક્ષી (૩)
૩. ઘણી ગાડીઓ પેટ્રોલથી ચાલે અને ઘણી... થી (૩)
૪. સુનકાર, ઉજ્જડ (૪)
૫. ડાઘ, એક હિન્દી ફિલ્મ(૨)
૧૦. ઉતર્યો... કોડીનો (કહેવત) (૫)
૧૧. ભમરો (૨)
૧૨. ભયાનક (૪)
૧૩. વહેમ, શંકા (૨)
૧૫. દૂધ, મિલ્ક (૨)
૧૬. લોકવાયકામાં ચુડેલ સ્ત્રી(૩)
૧૭. કિનારો (૨)

### શબ્દાવલી ૫૬૨૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) આવરોજાવરો (૬) જીરો (૭) સાગ (૮) વખ (૯) માચિ (૧૧) ચિઠ્ઠીનો ચાકર (૧૪) જસ (૧૫) સલાડ (૧૬) મામા (૧૭) રમપ (૧૯) લીન (૨૦) જસી (૨૧) કતરણ (૨૨) સુડો

**ઊભી ચાવી :-** (૧) આજીવન (૨) વરો (૩) જાસાચિઠ્ઠી (૪) વગ (૫) બખતર (૯) માચિસ (૧૦) લોચાલાપસી (૧૨) નાસમજ (૧૩) કડ (૧૪) જમાનત (૧૬) માલીક (૧૮) નેહડો

(તસવીર : સમીર બલોચ, મોડાસા)





સમગ્ર ભારત દેશ માં પ્રજાસત્તાક પર્વ ની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી ત્યારે અરવલલી જીલલા ના મોડાસા ખાતે આવેલી ઘાંચી હાઈસકુલ માં પણ આ પર્વ ની ધામધુમ થી જવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઘાંચી હાઈસ્કુલ માં મોડાસા માર્કેટયાર્ડ ના વાઈસ ચેરમેન રાકેશભાઈ પટેલ ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ તેમજ બાળકો ધ્વારા સાંસ્કૃતીક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ રાજાબાબુ સેક્રેટરી સમીર પટેલ હમીદભાઈ પટેલ મેટ્રસ્ટી જીવાભાઈ ખાનજી ટ્રસ્ટી શફીભાઈ કાંકરોલીયા હાજર રહયા હતા કાર્યક્રમ ના અંતે માર્કેટયાડ ના વાઈસ ચેરમેન રાકેશભાઈ પટેલ ધ્વારા પ્રસંગ ને અનુલક્ષી ને પ્રવચન કરવામાં આવ્યુ હતુ તેમજ સંસ્થાના વિકાસ માટે ૧૧૦૦૦ જેટલી માતબર રકમ નુ દાન પણ કરવામાં આવ્યુહતુ.

# ઉનાવા હાઈવે પર અઢી લાખની લૂંટ

ઊંઝા, તા. ૨૮

ઊંઝા નજીકના ઉનાવા ગામે હાઈવે પર આવેલ સી.એન.જી. પેટ્રોલ પંપ પરથી બપોરના સમયે બે વ્યક્તિઓ રોકડ રકમ લઈને એકટીવા પર ઉનાવા સ્ટેટ બેંકમાં ભરવા માટે જતા પંપના સહભાગીદારને પંપ પાસે જ પાછળથી રીક્ષામાં આવેલ બે અજાણ્યા લુંટારૂઓએ સહભાગીદાર પર હુમલો કરી ગળામાં પહેરેલ સોનાનો દોરો તેમજ બે લાખની રોકડ રકમ મળી કુલ અઢી લાખની મત્તાની લૂંટ ચલાવી ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા આ વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

વિગત એવી છે કે ઉંઝા તાલુકાના કંથરાવી ગામના વતની અને ઉનાવા હાઈવે પર આવેલ સી.એન.જી. પેટ્રોલ પંપના સહ ભાગીદાર ભરતભાઈ હરગોવનભાઈ બારોટ આજે બપોરના દોઢેક વાગ્યાના સુમારે પંપ પરથી બે લાખ રૂપિયાની રોકડ રકમ લઈને એકટીવા સ્કૂટર પર ઉનાવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં ભરવા માટે જઈ રહ્યા હતા. ત્યારે પંપ પાસે જ પાછળથી ઓટોરીક્ષામાં આવેલ કેટલાક લૂંટારૂઓ પૈકી બે બુકાનીધારી લૂંટારૂઓએ એકટીવા સ્કૂટરને પાટુ મારતા એકટીવા ચાલક એવા પંપના સહભાગીદાર એકટીવા સામે નીચે પડી ગયા હતા. બાદ ઓટોરીક્ષામાંથી ઉતરેલા બે અજાણ્યા બુકાનીધારી લૂંટારૂઓએ તીક્ષ્ણ હથિયાર તેમજ ધોકા વડે તેમની પર હૂમલો કરી ગળામાં પહેરેલ બે તોલા વજનનો સોનાનો દોરો તેમજ બે લાખની રોકડ રકમ મળી કુલ અઢી લાખની કિંમતની મત્તાની દિલધડક લૂંટ ચલાવીને રીક્ષામાં બેસી ક્યાંક નાસી છુટ્યા હતા.

લૂંટનો ભોગ બનેલ પંપના સહભાગીદારને સારવાર અર્થે ઉઝા કોટેજ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઊંઝા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. અને આસપાસના ખેતરો તેમજ હાઈવે અને ગ્રામ્ય વિસ્તારના માર્ગો પર લૂંટારૂઓની શોધખોળ આરંભી હતી પરંતુ લૂંટારૂઓનો કોઈ પત્તો મળ્યો ન હતો. ધોળા દિવસે બનેલ આ ઘટનાની સમગ્ર વિસ્તારમાં ભારે ભયની લાગણી પેદા થઈ હતી.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ